# ગાંધીનગરમાં ઈ-વ્હીકલની ખરીદી ટોપ ગિયરમાં..!

## એક વર્ષે ૩૦૦ ઈ-વ્હીકલની ખરીદીની સામે હાલમાં દર મહિને દોઢસો જેટલા ઈ-વ્હીકલનું વેચાણ

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગરમાં બેટરીથી ચાલતા વાહનોની ખરીદીમાં ધરખમ વધારો થયો છે. પેટ્રોલ અને ડિઝલના ભાવ વધવાથી નાગરિકો હવે બેટરીથી ચાલતા વાહનો તરફ વળ્યા છે. જેને ઈ-વ્હીકલ તરીકે ઓળખવામાં આવે છે. શહેરમાં જાણીતી મિહીર ઈ-બાઈકના સંચાલક મિહિર બારોટ, સે. ૨૮ના જણાવ્યા મુજબ છેલ્લા સાત વર્ષથી તેઓ ઈ-બાઈકનો વ્યવસાય ચલાવી રહ્યા છે. જેમાં વર્ષે માત્ર ૩૦૦ જેટલા ઈ-બાઈકની ખરીદી થતી હતી જેની સામે હાલમાં દર મહિને ૧૨૦ થી ૧૫૦ જેટલા ઈ-બાઈકનું વેચાણ થઈ રહ્યું છે. છેલ્લા આઠ મહિનાથી ઈ-બાઈકની ખરીદીમાં વધારો થયો છે જેમાં સાત વર્ષનો રેકોર્ડ આ વર્ષે તુટ્યો છે.

સરકાર દ્વારા ૧લી જુલાઈ ૨૦૨૧માં ઈ-વ્હીકલ પોલિસી જાહેર કરાઈ હતી. આ પોલિસીને આગામી જુલાઈ મહિનામાં ૧ વર્ષ પુરૂ થશે. ચાર વર્ષ સુધીમાં બે લાખ ઈ-વ્હીકલનું ગુજરાતમાં વેચાણ થાય એ માટેનો ગુજરાત સરકારનો ટાર્ગેટ છે. ગાંધીનગરમાં અત્યાર સુધી એટલે કે મે ૨૦૨૧થી એપ્રિલ ૨૦૨૨ સુધીમાં ૧૫૦૦થી વધારે વાહનની નોંધણી થઈ છે. ઈ-વ્હીકલ પોલિસી શરૂ થયા બાદ તેની ખરીદીમાં વધારો થયો છે.

આમ તબક્કાવાર ઈ-વ્હીકલની ખરીદીનો ગ્રાફ ઉત્તરોત્તર વધતો જાય છે. ગાંધીનગરમાં ઈ-વ્હીકલ માટે ૫ ચાર્જિંગ સ્ટેશનો પણ ઉપલબ્ધ છે.

### ૧૫ રૂપિયામાં ૧૨૦ કિલોમીટર અંતર કાપતું ઈ-વ્હીકલ

ઈ-વ્હીકલ ખરીદવાના લાભાલાભ છે. કારણ કે તે દોઢ યુનિટમાં ૧૨૦ કિલોમીટર એટલે કે ૧૫ રૂપિયામાં ૧૨૦ કિલોમીટર જેટલું અંતર કાપી શકે છે. અને ૩ વર્ષની ગેરંટી પણ આપવામાં આવે છે. આ બેટરીથી ચાલતુ ઈ-વ્હીકલ ગ્રાહકોને ૯૦,૦૦૦ થી ૯૫,૦૦૦ સુધીની કિંમતમાં મળે છે. જેમાં કેન્દ્ર સરકાર ૩૪,૫૦૦થી ૪૮.૦૦૦ અને રાજ્ય સરકાર ૧૮,૦૦૦ થી ૨૦,૦૦૦ સુધીની સબસિડી આપે છે. સબસિડી વાહનની કિંમતના ૪૦ ટકાથી વધવી ના જોઈએ.

### ગાંધીનગરમાં ઈ-BUS ક્યારે આવશે

અમદાવાદમાં ૩૫૦ ઈ-બસ, સુરતમાં ૩૦૦, રાજકોટમાં ૧૫૦, વડોદરામાં ૫૦, જીએસઆરટીસીમાં ૫૦ ત્યારે ગાંધીનગરમાં ઈ-બસ ક્યારે આવશે તેવા પ્રશ્નો ઉભા થયા છે. ગાંધીનગરમાં ચાલતી બસોમાં હવે ઈ-બસોનો સમાવેશ કરવામાં આવે તેવી લોકલાગણી ઉઠી છે. પ્રદૂષણ વધવાની સામે આ ઈ-બસનો ઉપયોગ ખૂબ જ સુયોગ્ય બની રહેશે. ડેપોમાં ધૂમાડા કાઢતી બસો શહેરમાં પ્રદૂષણ ફેલાવતી જોવા મળી રહી છે. તેની સામે આ ઈ-બસનો ઉપયોગ કરવો હિતાવહ રહેશે.

### બેટરી બદલવામાં આવી છે

પહેલાં ઈ-વ્હીકલમાં લીડ બેટરીનો ઉપયોગ થતો હતો પરંતુ ધાર્યું પરિણામ નહી આવતાં હવે લિથિયમ બેટરીનો ઉપયોગ થાય છે. આ બેટરીની ક્ષમતા વધી જાય છે. સરકાર બેટરીના કિલોવોટના આધારે જ સબસિડી આપે છે. ઘણીવાર બેટરી બ્લાસ્ટને કારણે અકસ્માત સર્જાતા હતા. આ અકસ્માતના બનાવોના રિપોર્ટ સરકાર દ્વારા મંગાવીને અભ્યાસ કરવામાં આવ્યો હતો. પ્રાથમિક દૃષ્ટિએ બેટરી સેલ ટેમ્પરેચર પ્રમાણે સેટ કર્યો હોય એને કારણે બ્લાસ્ટ થયા હોવાનું જાણવા મળ્યું હતું. લીડ એસિડ, બેટરીવાળાં વાહનો સરકારની સબસિડીમાં આવતા નથી. આ અકસ્માતો કોઈ એક મોડલના અમુક બેંચના વાહનોમાંજ બ્લાસ્ટના બનાવો બન્યા હતા. એ વાહનો પાછાં ખેંચી લેવામાં આવ્યા હોવાનું સૂત્રોએ જણાવ્યું છે. ત્યારબાદ સરકારે ભારતના ટેમ્પરેચર પ્રમાણોની જ બેટરી સેલ નાખવા સહિતના ફીચર વગેરેની ચકાસણી કરવામાં આવે છે. જોકે ગાંધીનગરમાં ઈ-વ્હીકલમાં અકસ્માત સર્જાયા હોવાનો એક પણ કિસ્સો રેકોર્ડ પર નોંધાયો નહી હોવાનું સૂત્રોએ જણાવ્યુ હતુ.



## જિલ્લામાં તાપમાનનો પારો ધીમી ગતિએ ઘટશે : પવન વધશે : હવામાન પૂર્વાનુમાન

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર જિલ્લામાં હવે દિવસનું તાપમાન ધીમી ગતિએ ઘટશે તેમજ પવનની ગતિ વધશે તેવુ હવામાન પૂર્વાનુમાન છે.

દાંતીવાડા કૃષિ યુનિ.ના હવામાનશાસ્ત્ર વિભાગ દ્વારા હવામાન પૂર્વાનુમાન અને કૃષિ સલાહ બુલેટીનના અંક નં. ૨૦માં જણાવ્યા પ્રમાણે ૮ થી ૧૨ જુન દરમ્યાન આકાશ અંતશઃ વાદળછાયુ રહેશે અને વરસાદ પડવાની શક્યતા નથી. મહત્તમ તાપમાન ૪૦-૪૨ ડિગ્રી સે. જ્યારે લઘુત્તમ તાપમાન ૨૭-૨૮ ડિગ્રી સે. રહેવા સંભાવના છે.

હવામાં ભેજનું પ્રમાણ ૨૨ થી ૬૯ ટકા વચ્ચે રહેવાની સંભાવના છે. પવનની સરેરાશ ગતિ ૧૯ થી ૨૨ કિ.મી. પ્રતિ કલાક રહેવાની શક્યતા છે.

મળતી વિગતો પ્રમાણે વિતેલા સપ્તાહમાં મહત્તમ તાપમાનનો પારો ૪૨.૫ ડિગ્રી સે. નોંધાયો છે. જ્યારે લઘુત્તમ તાપમાન ૨૬.૧ ડિગ્રી સે. નોંધાયુ છે. પવનની ગતિ ૩ થી ૭ કિ.મી. નોંધાઈ છે.

ગત સપ્તાહમાં જે હીટવેવ જોવા મળ્યો છે તમાં હવે રાહત થશે. લઘુત્તમ તાપમાનમાં બહુ ફેરફાર જોવા મળશે નહિ તેમ મનાઈ રહ્યું છે.

જિલ્લામાં નૈઋત્યના પવનો શરૂ થયા છે પણ હજુ આ પવનો વરસાદ લાવે તેવા નથી. આ વખતે ગરમીનો પ્રકોપ વધુ નોંધાયો હોવાથી ખેડૂતો પણ સારો વરસાદ થશે તેવુ અનુમાન કરી રહ્યા છે.

# સે-૧૬માં પાર્ક કરવા કારને "ચડાવવી" પડે છે..!!

**પાર્કિંગ એરિયા અને રોડ વચ્ચે યોગ્ય લેવલીંગનો અભાવને લીધે કારને જ નુકસાન થાય તેવી સ્થિતિ : સિમેન્ટના ઢાળ બનાવાયાં પરંતુ હજુ પણ સર્જાતી સમસ્યાથી સામાન્ય વાહનચાલકો ત્રસ્ત**

ગાંધીનગર, તા.૦૭

ગાંધીનગરના સેક્ટર-૧૬ ખાતેના કોમર્શિયલ વિસ્તારમાં દિવસ દરમ્યાન વારંવાર ટ્રાફિક જામ થવાની સમસ્યા સર્જાઇ રહી છે. બીજી તરફ આ વિસ્તારમાં વિકસાવાયેલા પેવર બ્લોકવાળાં પાર્કિંગ લોટની અસમાન્ય ઉંચાઇના કારણે કારણે ફોર વ્હિલર વાહનચાલકોને વારંવાર પરેશાનીનો ભોગ બનવું પડી રહ્યું છે. તેમને પોતાની કાર પાર્કિંગ લોટમાં મુકવાને બદલે "ચડાવવી" પડે છે અને ત્યાંથી "ઉતારતી" વખતે તે અચૂક "પછડાય" છે. એસયુવીની જો આવી હાલત થતી હોય તો નાની કારવાળાની શું સ્થિતિ થાય? ઘણાં વાહનચાલકો તો ના છુટકે રોડ પર જ કાર પાર્ક કરી દે છે જેના કારણે ટ્રાફિક જામની સમસ્યા સર્જાય છે.



એક તરફ સેક્ટર-૧૬માં પાર્કિંગ એરિયામાં ગેરકાયદેસર રીતે અડીંગો જમાવીને બેઠેલી ખાણીપીણીની મસમોટી વાન, ગાડીઓ અને લારીઓ અને તેની આસપાસ જ તે વેપારીઓ દ્વારા ગ્રાહકોને નાસ્તો કરવા માટે બેસવા સ્ટુલ્સ અને ટેબલો ખડકી દેવામાં આવે છે જેના કારણે વાહન પાર્કિંગ માટે ફાળવવામાં આવેલી જગ્યામાં જ સામાન્ય વાહનચાલકોને પોતાનું વાહન પાર્કિંગ કરવા માટે જગ્યા નથી રહેતી. વળી જે પાર્કિંગ લોટ ખાલી રહે છે ત્યાં રોડ અને પાર્કિંગ લોટ વચ્ચેનું લેવલીંગ અસામાન્ય તફાવત ધરાવતું હોવાથી કારચાલકો માટે પાર્કિંગ કરવું માથાનો દુઃખાવો બની રહ્યું છે. ખાસ કરીને આ વિસ્તારના વેપારીઓ કે અહીં બેક્રોમાં કામ કરતા કર્મચારીઓ સહિતના રોજિંદા કર્મચારીઓ અને મુલાકાતીઓ માટે આ સ્થિતિ પરેશાનીરૂપ બની રહી છે.

### એસયુવીને મુશ્કેલી પડે છે તો નાની ગાડીઓની તો શું સ્થિતિ થાય...!!

સે.૧૬માં ચશ્માનો શો-રૂમ ધરાવતાં અગ્રણી વેપારી હિતેશ ઝાલાએ જણાવ્યું હતું કે "સે.૧૬ના કોમર્શિયલ વિસ્તારમાં પાર્કિંગ લોટ વિકસાવાયાં ત્યારે આંનદ થયો હતો પરંતુ તે જ્યારે બની રહ્યાં ત્યારે તેને જોઈને અમે ચિંતામાં ગરકાવ થઈ ગયાં હતા કેમકે તે રોડના લેવલથી લગભગ જાણે પગથિયું ચડવું પડે તેવા ઊંચાં હતાં. આ બાબતે રજુઆત કરવાથી રોડ અને પાર્કિંગ લોટને જોડતો સિમેન્ટનો ઢાળ બનાવી દેવાયો પરંતુ હજુ પણ તેનું લેવલિંગ અયોગ્ય હોવાને કારણે કારચાલકોને કાર પાર્કિંગ કરવામાં ખૂબ જ મુશ્કેલી પડી રહી છે. મારી પોતાની એસયુવી કાર છે જેને પાર્ક કરવામાં મને મુશ્કેલી પડી રહી છે તો નાની કારવાળાને તો કેટલી તકલીફ પડતી હશે કાર પાર્કિંગ કરતી વખતે કાર અથડાય છે અને પાર્કિંગ લોટમાંથી બહાર કાઢતી વખતે કાર પછડાય છે.

